વાક્પુષ્પ

સફળતાનો સામાન્ય અને વ્યવહારિક અર્થ એ છે કે નિશ્ચિત કરેલા ધ્યેયે પહોંચવું, પછી એ ધ્યેય ખૂબ પૈસા કમાવાનું હોય, કે ઉજ્જવળ કારકિર્દી ઘડવાનું હોય, પોતાના ઉદ્યોગ ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે આવવાનું હોય કે પછી વિદ્યાર્થીએ પરીક્ષામાં મેરીટ લિસ્ટમાં પહોંચવાનું હોય... સામાન્ય રીતે, આવા બધાં ધ્યેયોને સિદ્ધ કરવાં એટલે સફળતા પ્રાપ્ત કરી કહેવાય; પરંતુ, એ સફળતા સાચી ત્યારે જ બને કે જ્યારે એની સફળતા સાથે સુખ, શાંતિ, સંતોષ અને જીવનની કૃતકૃત્યતાની લાગણી પણ રહેલાં હોય. આ બધી વાતોથી પરસ્પર પ્રેમ અને પારિવારિક ભાવના દૃઢ થતી હોય, ઉત્સાહ અને આનંદમાં અભિવૃદ્ધિ પણ થતી હોય, તો આવી ધ્યેય સિદ્ધિને સાચી સફળતા કહી શકાય. જો ભૌતિકતા સાથે બીજી વાતો કે વસ્તુઓ નથી આવતી, એને બદલે પારિવારિક કલહ, એકબીજાનું મોઢું'ય જોવાનું ન ગમે, એકબીજાની વાતોને કાપવાનું મન થાય, વ્યર્થ અહંકાર પુષ્ટ થાય તો એ સાચી સફળતા નથી જ.

સફળતાના પ્રકારને સમજીએ - એક, ટૂંકા ગાળાની સફળતા, જે ઝડપથી આવે છે, ક્ષણિક સુખ આપી ઝડપથી જતી પણ રહે છે; બીજી લાંબા ગાળાની સફળતા જે માટે ધૈર્યપૂર્વકની ખૂબ મહેનત કરવી પડે છે, અને એ મળે તે પહેલા જ સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ થવા માંડે છે; ત્રીજા પ્રકારની સફળતામાં શાશ્વત સુખ, શાંતિ, આનંદ જીવન સાથે સંકળાયેલા છે, જે સુખ સાથે જ રહે છે, એ ક્યારેય વ્યક્તિને આ જીવનમાં દુ:ખ આપતા નથી, બલ્કે એના જન્મોજનમને પણ સુધારે છે. આ આધ્યાત્મિક સફળતાને સમજીએ. આવી સમજથી સૌના જીવન સફળ થાય, સર્વત્ર સુખ, શાંતિ અને આનંદની સુવાસ પ્રસરે તેવી પ્રાર્થના.

વચનામૃત

अतीतः पन्थानं तव च महिमा वाङ्मनसयो-
रतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि।
स कस्य स्तोतव्यः कतिविधिगुणः कस्य विषयः,
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ।।

- श्री शिवमहिम्नः, श्लोक २

પદચ્છેદ : अतीतः, पन्थानम्, तव, च, महिमा, वाङ्मनसयोः, अतद्व्यावृत्त्या, यम् चकितम्, अभिधत्ते, श्रुतिः, अपि,। सः कस्य, स्तोतव्यः, कतिविधगुणः, कस्य, विषयः, पदे, तु, अर्वाचीने, पतति, न, मनः, कस्य, न, वचः ।।

અર્થ : શિવમહિમ્નસ્તોત્રમાં ગંધર્વરાજ પુષ્પદંત ભગવાન શિવજીની સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભુ! આપનો મહિમા મન અને વાણીની પહોંચથી પર છે, બ્રહ્મથી ભિન્ન સમગ્ર પ્રપંચના નિષેધ દ્વારા જેનું શ્રુતિ પણ સંકોચપૂર્વક પ્રતિપાદન કરે છે, તે સગુણ કે નિર્ગુણનો મહિમા કોનાથી ગાઇ શકાય તેવો છે! સગુણના કેટલા ગુણ છે? અને નિર્ગુણને કોણ વિષય બનાવી શકે? અર્થાત્ કોણ જાણી શકે છે! પરંતુ અર્વાચીન (લીલા) સ્વરૂપમાં કોનું (કયા વિદ્વાનનું) મન આકર્ષિત થતું નથી? (અથવા) વાણી પહોંચતી નથી, કે આકર્ષાતી નથી?

ભારતીય સંસ્કૃતિ - ૨૭

(પ.પૂ. સ્વામી શ્રી અસંગાનંદ સરસ્વતીજીના પ્રવચનો પર આધારિત)

સંસ્કૃતિઓ વચ્ચેનો તફાવત અને
આજની ચિંતાજનક પરિસ્થિતિઓ વચ્ચે મનુષ્યનો રોલ

આ પૃથ્વી ઉપરની સૌથી પ્રાચીન, બધી રીતે પૂર્ણ અને સનાતન એવી આપણી આ ભારતીય સંસ્કૃતિ ઉપર આપણે થોડો વિચાર કરી રહ્યા છીએ. આ સંસ્કૃતિની અમુક વિશેષતાઓ છે જેને લીધે એ દુનિયાની અન્ય બધી જ સંસ્કૃતિઓ, બધી જ પરંપરાઓથી જુદી પડે છે, અને સાથે-સાથે એ વિશિષ્ટ પણ છે.

આ સંદર્ભમાં આપણે આપણી પુરાતન શિક્ષણ વ્યવસ્થા અંગે, પૈતૃક વ્યવસાય - ફેમિલી બિઝનેસની કેવી વ્યવસ્થા હતી એની અને આરોગ્ય માટેની જે ચિકિત્સા પદ્ધતિ હતી, અને અત્યારે કેવી છે એની પણ વાત કરી હતી.

હવે, આ વિષયમાંના અન્ય ક્ષેત્રોમાં આપણે ત્યાં જે-જે બીજી વ્યવસ્થાઓ હતી એ દિશામાં આપણે આગળ વધીએ એ પહેલાં આપણી સંસ્કૃતિની થોડી વાતોને સમજી લઈશું તો આગળ જતાં આપણને વાતો સમજવી સહેલી પડશે; ઉપરાંત, દુનિયામાં જે બે-ત્રણ મોટા ધર્મો છે અને એને આધારે જે નવી ઉભી થયેલી અન્ય સંસ્કૃતિઓ છે એ અને આપણી સંસ્કૃતિઓ વચ્ચેના તફાવતો શું છે એને થોડું સ્પષ્ટ કરી લઇએ.

પરમ-ચૈતન્ય અને તત્ત્વજ્ઞાન - આપણી જે સંસ્કૃતિ છે એ સમસ્ત રીતે તત્ત્વજ્ઞાન ઉપર આધારિત છે; સમાજની દરેકે-દરેક પ્રકારની જે બધી વ્યવસ્થાઓ ઉભી થઇ છે એ બધી પણ આ જ તત્ત્વજ્ઞાન ઉપર આધારિત છે. જગતમાં, સમસ્ત ચરાચરમાં જે પણ કંઈ દેખાય છે, અનુભવાય છે, દૃશ્ય-અદૃશ્ય (અસ્તિત્વમાં છે, તે

છતાં નથી જોઇ શકાતી) એ બધી જ વસ્તુઓ, વ્યક્ત અને અવ્યક્ત એ બધાનો આધાર મૂળ ચૈતન્ય છે; ચૈતન્યથી જ બધી વસ્તુઓ બની છે, ચૈતન્યની જ શક્તિથી બધું જ ચાલે પણ છે, અને સમયાંતરે, અંતે એ જ ચૈતન્યમાં બધું વિલીન પણ થઇ જાય છે. ઋષિઓ દ્વારા અનુભવાયેલું આ સનાતન તત્ત્વજ્ઞાન આપણે ત્યાં હજારો વર્ષોથી અકબંધ રીતે સ્વીકારાઇને મનાતું આવ્યું છે.

પરમ સત્યના આ મૂળ તત્ત્વજ્ઞાનની વાતને એવી રીતે સમજીએ કે સુવર્ણ છે એમાંથી જ બધા આભૂષણો બને છે, ટકે પણ છે; હવે કોઇ પણ આભૂષણમાંથી સુવર્ણ કાઢી લેવામાં આવે તો પછી કશું જ બાકી નથી રહેતું; પરંતુ જો આભૂષણને તોડી નાંખીએ, નષ્ટ કરીએ તો જે બચે છે એ સુવર્ણ જ બચે છે. માટીના વાસણ-રમકડામાંથી માટી કાઢી લઇએ, તો કશું નથી બચતું, પરંતુ જો એ વસ્તુઓ તોડી નાંખીએ તો જે બચશે એ માટી બચશે.

સંસ્કૃતિઓ

	ભારતીય	**પાશ્ચાત્ય**
ઉદ્ભવ	સનાતન, ૧૦,૦૦૦+વર્ષો	૧,૦૦૦+વર્ષો
દર્શન	આધ્યાત્મિક	ભૌતિકી
મૂળ આધાર	ચેતના	અણુ-એટમ; molecules
વ્યાપ	બ્રહ્માંડ; સમસ્ત જીવ જગત; પૂર્ણ, સર્વાંગીણ-holistic	જગત, પ્રકૃતિ, ભૌતિક પદાર્થો; સીમિત, અધૂરું
કેંદ્રમાં	મનુષ્ય - સમગ્ર સૃષ્ટિ	ધન-વૈભવ
સુખ, શાંતિ,	પરમ, આત્મિક, શાશ્વત	શારિરીક, ક્ષણીક,
આનંદ	દુઃખ-જનીત સુખ	
પ્રમાણ	ત્રણ*	વિજ્ઞાન
ઈશ્વર; રીત-	એક અને અસંખ્ય	એક જ; ચુસ્ત
રિવાજો	સ્વરૂપમાં; છૂટ	
સહિષ્ણુતા	ઘણી, સર્વ-ધર્મ સમભાવ	નહીંવત્
ભાષા, લિપી	સંસ્કૃત, દેવનાગરી	રોમન, ઉર્દુ
સુખ-દુઃખનો આધાર	અંદર, ચૈતન્ય	બહાર, પદાર્થ, પ્રકૃતિ
વિચાર-જીવનશૈલી	પૂર્ણતા, દિવ્યતા તરફ	વિનાશ તરફ

** ત્રણ પ્રમાણ - પ્રત્યક્ષ, અનુમાન, આગમ (પતંજલિ યોગસૂત્ર-૧:૭)*

આવી જ રીતે આખું જગત પરમ ચેતનાથી, ચૈતન્યથી જ વ્યાપ્ત છે, એ ચૈતન્યને આધારે જ ટકી રહ્યું છે; અંતે, પછી બધું એ ચૈતન્યમાં જ વિલીન થઇ જાય છે. એટલે, મારું-તમારું-આપણું અસ્તિત્વ, મૂળ સ્વરૂપ એ સર્વ-વ્યાપક ચેતના છે. આ જ પરમ ચેતનાને હું મારા અજ્ઞાનને કારણે આ શરીરમાં સીમિત કરી દઉં છું, અને માત્ર શરીર જ છું એવું માની લઉં છું, જેમ કે કોઇ આભૂષણ એવું માની લે કે એ પોતે માત્ર સુવર્ણનું જ ઘરેણું છે, અને મૂળ સુવર્ણના ભાગને ભૂલી જાય છે, એવું; અને સુવર્ણ છે તો એમાંથી તો કેટલા અનેક આભૂષણો બની શકે છે, એની આ ઘરેણાને ખબર ના હોય.

તો, હું જો મારા મૂળ ચેતનાના સ્વરૂપને નથી જાણતો, અને મારી જાતને જો માત્ર શરીર જ માની લઉ છું તો એ ચેતનાની અસીમ શક્તિ જે છે એને પણ હું આ શરીરમાં જ સીમિત કરી દઉં છું. હું એ પરમ ચૈતન્યને, એની વ્યાપકતાને, એની અમાપ શક્તિને નથી જાણતો, એ જ મારું અજ્ઞાન છે, એ જ મારી સમસ્યા છે; અને આ જ મૂળ અજ્ઞાનને કારણે મારા જીવનમાં બધા સુખ-દુ:ખો, દ્વંદ્વો અને સમસ્યાઓ આવે છે. જો મારે આ બધી વાતોથી, સુખ-દુ:ખોની જંજાળમાંથી મુક્ત થવું છે તો મારે મારા મૂળને, મારી સાચી વાસ્તવિકતાને જાણવી-સમજવી પડશે; બસ, આમાં સર્વ તત્ત્વજ્ઞાન છે. એટલે, જગતમાં જે કંઈ છે એ બધાંનો આધાર પરમ ચૈતન્ય જ છે, ચેતના છે, આત્મા છે, પરમાત્મા છે.

હવે, માંડ ૧,૦૦૦-૧,૫૦૦ વર્ષો પૂર્વે જ ઉદ્‌ભવેલું જે પશ્ચિમી વિજ્ઞાન છે એ તો એવું જ માને-સમજે છે કે જગતનો આધાર માત્ર atoms, molecules, particles જ છે, ભૌતિકતા જ છે; અને તેથી આ વિજ્ઞાન એવું માને અને કહે છે કે પદાર્થોમાંથી જ ચેતના ક્યાંકથી પ્રગટ થઇ જાય છે. શરીર છે, તો એના molecular phenomenaથી જ ક્યાંકથી consciousness વ્યક્ત થઇ જાય છે, અને શરીરની બહાર એ consciousnessનું અસ્તિત્વ નથી; જ્યારે આપણું તત્ત્વજ્ઞાન એવું કહે છે કે પરમ ચેતના જ દરેક પદાર્થોમાં રૂપાંતરિત, વ્યક્ત થઇ છે - આ જ મૂળભૂત તફાવત છે આપણી અને પાશ્ચાત્ય સંસ્કૃતિઓ વચ્ચે.

હવે, વિજ્ઞાન પાસે ચેતનાને સમજવા માટેનું કોઇ સાધન નથી (કેમ કે ચેતના તો સૂક્ષ્મતર-સૂક્ષ્મ અને ઇંદ્રિયાતીત છે), તેથી વિજ્ઞાન ચૈતન્યને માની કે સ્વીકારી પણ નથી શકતું; અને એની પાસે પદાર્થ જગતને સમજવા માટે જે કાંઇ સાધન છે એ છે માત્ર atom, અને આ atomને પણ વિજ્ઞાન (અને તેથી આપણે પણ) માત્ર થોડા-ઘણા અંશે જ સમજી શકીએ છે, એનાથી આગળ નહીં. એટલે, હું જો આ સમસ્ત અસ્તિત્વ, આ પ્રકૃતિને નથી સમજતો, માણસને પણ જો હું પૂર્ણરૂપથી નથી સમજતો તો હું એની સાથે ન્યાય નહીં કરી શકીશ, એને ન્યાય નથી આપી શકતો. આ જ મૂળભૂત તત્ત્વને લીધે એ આખી વ્યવસ્થા જુદી પડતી હતી.

પાશ્ચાત્ય વિજ્ઞાન પદાર્થ જગત, પ્રકૃતિ અને માણસ સુદ્ધાંને પણ પદાર્થના રૂપમાં જ જોઇ-સમજી શકે છે, એનાથી વધારે નહીં, વિજ્ઞાન માટે બધું જ પદાર્થ અને જડ છે, અને તેથી પ્રકૃતિ અને માણસ પણ જડ છે, એથી વિશેષ કાંઇ નહીં. સ્વાભાવિક છે, આ જ કારણે પદાર્થ વિજ્ઞાન-આધારિત પશ્ચિમની સંસ્કૃતિએ સ્થૂળ energyના આધાર-રૂપ પદાર્થ-ક્ષેત્રે વિશ્વમાં ખૂબ વિકાસ કર્યો છે. પદાર્થ-વિજ્ઞાનની વાત કરીએ તો પુરાતન ભારતમાં પણ પદાર્થ વિજ્ઞાનમાં ખૂબ વિકાસ થયો હતો. (Ancient Indiaus contribution to science and technology include all the major branches of human knowledge and activities, including physics, chemistry, medical science, mathematics, astronomy www.crystalinks.com indiascience)

વિજ્ઞાન એમ માને છે કે બધાયનો આધાર ભૌતિક energy, પદાર્થ-શક્તિ છે; પદાર્થ વિજ્ઞાનને આધારે જે સંસ્કૃતિ ઊભી થાય છે એ પદાર્થને explore કરશે, પદાર્થ જગતમાંથી શું-શું મેળવી શકાય, પ્રકૃતિમાંથી શું-શું મેળવી શકાય એ જ જોશે. જ્યારે આપણે એવું માનીએ છીએ કે બધાયનો આધાર પરમ ચૈતન્ય, પરમાત્મા છે. સ્વાભાવિક છે, ભારત દેશની સંસ્કૃતિ ચૈતન્ય-પૂજક થઇ; એટલે, એની આજુબાજુ જે બધી જીવન-આવશ્યક વ્યવસ્થાઓ ઊભી થશે તે બધી જ વ્યવસ્થાઓ, systems ચૈતન્યને explore કરવા માટે થશે.

આ જ કારણે આપણી સંસ્કૃતિમાં મનુષ્ય જીવનની સાર્થકતા એની અંદર રહેલી સુષુપ્ત ચેતનાને ઉદ્‌ઘાટિત કરવામાં માને છે, અને જાણે છે કે પરમ ચૈતન્યને મેળવવામાં જ, એને explore કરવામાં જ મનુષ્ય જીવનની સાર્થકતા છે.

મનુષ્ય જીવનમાં સુખ-દુ:ખના દ્વંદ્વો રહેવાના જ છે, પરંતુ, પદાર્થ વિજ્ઞાન આધારિત જગતમાં એ સુખ-દુ:ખોનો આધાર બહાર (પદાર્થ) હશે, જયારે આપણી વ્યવસ્થામાં સુખ-દુ:ખોનો આધાર અંદર ચૈતન્ય હશે, કેમ કે વિજ્ઞાનને ચૈતન્યનો જરા પણ ખ્યાલ જ નથી, તેથી એ એવું પણ નથી માનતું કે આપણું અસ્તિત્વ શરીરથી જુદું રહી શકે છે. આપણું તત્ત્વજ્ઞાન એવું કહે છે કે મારા અસ્તિત્વ માટે શરીર હોય એ જરૂરી નથી, જો મારું શરીર નષ્ટ થઈ જાય છે તો પણ મારું અસ્તિત્વ તો રહે જ છે, સૂક્ષ્મરૂપે રહે છે, અને સૂક્ષ્મ શરીરને આધારે ચેતના રહી શકે છે; પરંતુ વિજ્ઞાન એવું માનતું નથી. આપણા શાસ્ત્રો એવું કહે છે કે આ શરીર તો માત્ર એક વસ્ત્ર સમાન છે, શરીર વગર પણ ચેતના રહી શકે છે. માણસ જેમ વસ્ત્રો બદલે એવી રીતે મૃત્યુ પછી શરીર પણ બદલે છે.

ચેતના અને જીવન વિશે આવું ઉંડુ જ્ઞાન વિજ્ઞાન-આધારિત પાશ્ ચાત્ય જગત પાસે નથી તેથી એ વ્યવસ્થાએ પદાર્થ અને પ્રકૃતિને ખૂબજ explore કરી છે. અને એ માટે વિજ્ઞાનને દાદ આપવી પડે કે એ વિજ્ઞાને કેટલી ભૌતિક પ્રગતિ કરી છે! એટલે, ત્યાં એમના સુખ-દુ:ખોનો આધાર બહાર પદાર્થ હશે, પ્રકૃતિ હશે. ભારતમાં, મનુષ્યના સુખનો આધાર એની અંદર છે, ચૈતન્ય છે, ચૈતન્યને પામવામાં જ એના જીવનની સાર્થકતા છે, પૂર્ણતા છે, પોતાના સ્વરૂપની ઉપલબ્ધિ એ જ મનુષ્ય જીવનની પરમ ઉપલબ્ધિ છે.

પાશ્ચાત્ય વિજ્ઞાન પદાર્થ અને પ્રકૃતિ દ્વારા મળતી દરેક પ્રકારની સુખ-સુવિધાઓ, ભોગ-વિલાસ, ઐશ્વર્ય જેની પાસે જેટલું વધારે હોય એમાં સુખ માને છે, કેમ કે એ જ વાત એ સમજે છે અને એ જ વાતોને એ શક્ય હોય એ બધી જ રીતે explore કરે છે. એમની દૃષ્ટિએ આ સાચું અને સારું હશે, પરંતુ ચેતના વિહીન ચિંતન અધુરું છે, એટલે આપણે જોઈએ છીએ કે મનુષ્ય જીવનની સમસ્યાઓ

વિજ્ઞાનથી મટતી હોય એવું દેખાતું નથી, ઉલ્ટાનું વિજ્ઞાનને લીધે એ સમાજમાં સમસ્યાઓ વધી રહી છે.

આપણે ઘણી વખત વાત કરી છે કે વિજ્ઞાન-આધારિત પાશ્ચાત્ય જીવન શૈલીને કારણે ચારે બાજુ પરિસ્થિતિ એવી ઉભી થતી જાય છે કે જાણે થોડા જ વર્ષોમાં આ પૃથ્વી આપણે માટે રહેવા લાયક નહીં રહે, કેમ કે મનુષ્ય છેલ્લા કેટલાક દાયકાઓથી પ્રકૃતિનું આડેધડ શોષણ કરતો થઈ ગયો છે, ખાસ કરીને વિકસિત જગતના દેશો. એ લોકો પ્રકૃતિને આપણી જેમ મા-ગણીને પૂજતા નથી, પ્રકૃતિને શોષે છે; આપણી સંસ્કૃતિએ આપણને પ્રકૃતિને મા તરીકે જોતા શિખવાડ્યું છે, અને બાળકે મા-નું ધાવણ લેવાનું હોય, પ્રકૃતિ પાસેથી લેવાનું હોય, એનું લોહી નથી ચુસવાનું. આજની વ્યવસ્થાએ માણસને પ્રકૃતિનુ રીતસરનું શોષણ કરતા શિખવાડ્યું છે, અને એ પણ ભયંકર કહી શકાય એ રીતે.

તો, વિજ્ઞાન જે ભૌતિકી (materialistic) અને વપરાશકારી (consumerist) વ્યવસ્થા આપે છે, અને એને કારણે દેશોની, સમાજની જે રીતે આવશ્યકતાઓ ઉપરાંત મોજ-શોખની ચીજ-વસ્તુઓની માંગ બેફામ રીતે વધતી જાય છે, એ બધી માંગ શું આ પૃથ્વી પૂરી કરી શકશે? અમેરીકાને જેટલું સુવર્ણ જોઇએ છે એટલું આ પૃથ્વીના પેટાળમાં છે ખરું? અમેરીકાની વધતી રહેતી સોનાની માંગ પૂરી કરી શકશે? અને સોનું-સુવર્ણ તો દરેકે-દરેક દેશોને જોઇએ છે દરેકને થાય કે સુવર્ણ તો જેટલું વધારે હોય એટલું સારું, મળે એટલું લઈ લેવું છે...તો, આટલું બધું સુવર્ણ આ પૃથ્વી પાસે છે?

આજની માનવ પ્રજાતિએ પૃથ્વીને ખોદી-ખોદીને દરેક પ્રકારના ખનિજ પદાર્થો, દરેક પ્રકારની ધાતુઓ ખેંચી કાઢી છે, દરિયામાંની પણ ઘણા પ્રકારની સંપત્તિ ઉલેચી લીધી છે ખાસ કરીને તેલ અને દરેક કદ અને પ્રકારની માછલીઓ બધું લગભગ લઇ લીધું છે; તેથી હવે માણસની નજર ચંદ્ર ઉપર પડી છે, ચંદ્ર પર હોય અને લાવી શકાય એ બધું લેશે; મંગળ ગ્રહ પરથી પણ લેશે...

આવી પરિસ્થિતિને લીધે હવે માણસ અને પ્રકૃતિ વચ્ચે સંઘર્ષ ખૂબ વધી ગયો છે, પ્રકૃતિમાં અસંતુલિતતા વધી રહી છે, અને માણસની પ્રવૃત્તિઓ જોતાં આ સંઘર્ષનો અંત નથી આવવાનો. વિજ્ઞાન-આધારિત વ્યવસ્થાએ માણસની જીવવાની, વિચારવાની દિશા જ અવળી રીતે બદલી દીધી છે, એ વ્યવસ્થા માણસને પૂર્ણતા તરફ નથી લઇ જતી, વિનાશ તરફ લઇ જાય છે.

અન્ય ધર્મોનો વિકાસ - બીજા ધર્મો જે દશ-વીસ સૈકાઓમાં ઉદ્ભવ્યા અને વિકસ્યા છે એ પણ પૂર્ણ રીતે સત્યને સમજીને નથી વિકસ્યા, એટલે એ બધા નવા ધર્મો પણ અધૂરાં જ છે. આપણે ત્યાં એવા ધર્મનો વિકાસ થયો હતો જે સમુદ્ર જેવો છે, જે દરેક વિચારધારાને, દરેકને સ્વીકારીને ચાલે છે, કેમ કે એ પૂર્ણ છે; એણે સમગ્ર પ્રકૃતિને સમજી છે અને પ્રકૃતિની દરેક વસ્તુ અંદર સમાઈ જાય છે. એટલે, આપણે ત્યાં જે ધર્મનો વિકાસ થયો છે એણે એવું કહ્યું કે દરેક માણસ પોત-પોતાની રૂચિ પ્રમાણે અલગ-અલગ ભાવ પ્રમાણે, અલગ-અલગ માર્ગોથી ભગવાનને ભજતા હોય, તો પણ અંતત: તો એક જ પરમાત્માને પામે છે.

અન્ય ધર્મો આવા તત્ત્વજ્ઞાનના, પૂર્ણ સત્યના વિચારને સમજીને નથી વિકસ્યા, ત્યાં જીવન રીત-રિવાજો, પહેરવેશ ઉપર વધુ આધારિત છે; ત્યાં વિધિઓ જ રહી ગઇ છે, અને એમનું જે પણ તત્ત્વજ્ઞાન હોય એ વિસરાતું ગયું છે. એમના ધર્મ કે ધર્મગુરૂઓએ કહેલો પહેરવેશ ના પહેરો, ડ્રેસ-કોડનું પાલન ના કરો તો આવી વાતોની અવગણના કરનારનું ગળુ કપાઇ જાય! સ્ત્રીઓ જો હિજાબ પહેરીને ના નીકળે તો એ ગુનેગાર થઇ જાય, નિયત ફરમાવેલા રીત-રિવાજો જો એ ધર્મના અનુયાયિઓ નહીં પાળે તો એ ગુનેગાર ગણાય, અને તેથી એ ગુના માટે મૃત્યુદંડ પણ થાય!

આપણે ત્યાં ધર્મ અને સંસ્કૃતિનો વિકાસ સત્યને પૂર્ણ રીતે સમજીને થયો છે, આપણે ત્યાં પણ ઘણા રીત-રિવાજો હતાં અને આજે પણ છે, તે છતાં એ બધાંય રીત-રિવાજો આપણને ડરાવી-ધમકાવીને રાખ્યા હોય, એ આપણા ઉપર હાવી થઇ ગયા હોય એવું નથી. આપણે કેટલા રીત-રિવાજો-વિધિઓ છોડતા જઇએ

છીએ, નવી-નવી વિધિઓ પણ અપનાવતા જઇએ છીએ - પહેલાંના સમયમાં માત્ર યજ્ઞો હશે, ત્યારે મૂર્તિપૂજા ન હતી, તો પછી મૂર્તિ પૂજા આવી; અલગ-અલગ સંપ્રદાયોની જુદી-જુદી આસ્થા-માન્યતા પ્રમાણે જુદી-જુદી વિધિઓ આવી; આપણે ત્યાં કેટલા નવા મહાપુરુષો થતા ગયા, તેઓ રીત-ભાતમાં ફેર કરતા હોય, અમુક જૂની વિધિઓ બદલી નાંખતા હોય... તો, આપણે વિધિઓને છોડી પણ શકીએ છીએ, અને નવી વિધિઓને અપનાવી પણ શકીએ છીએ.

એટલે, મનુષ્યની જે પૂર્ણતા છે, જે પરમ ઉપલબ્ધિ છે એ દર્શન, એ વિચારધારા, એ ધર્મ એ જ દુનિયાને શાંતિ, સમાધાન આપી શકશે, અને તે પણ આ દેશથી જ થઇ શકશે, બીજા કોઇ દેશથી નહીં. આ વાતને દુનિયા હવે ધીમે-ધીમે સમજવા માંડી છે; એ અંગે ઘણા તત્ત્વચિંતકો, વિચારકો આપણી વિચારધારા સ્વીકારતા થયા છે.

મનુષ્યનો, મારો role ક્યાં અને શું? આ મહત્ત્વની વાતને સમજીએ - સમસ્ત પ્રકૃતિમાં એવું કશું જ નથી કે જે અનાવશ્યક હોય; જે કાંઇ છે એ બધાની ઉપયોગિતા છે અને આ વાત પણ આપણે એક-બે વખત થઇ હતી. પ્રકૃતિ અને માણસના સંબંધના સંદર્ભમાં અમેરિકાના પોલિઓ માટેના વેક્સિનની શોધ કરનાર મેડિકલ રિસર્ચર જોનાસ સાલ્ક (Jonas Salk, ૧૯૧૪-૧૯૯૫) ને નામે એક વાત પ્રચલિત છે કે આ પૃથ્વી ઉપરથી જો નાના-નાના જીવજંતુઓ મરી જાય તો ૫૦ વર્ષોની અંદર આખી સૃષ્ટિ જ ખતમ થઈ જશે, પછી સૃષ્ટિમાં કશું જ નહીં હશે; પરંતુ, પૃથ્વી ઉપરથી જો મનુષ્ય જ ખતમ થઇ જાય, જો ના રહે, તો આ પૃથ્વી માત્ર ૫૦ વર્ષોમાં ફરી નવપલ્લવિત થઇ જશે.

છેલ્લા કેટલાક દાયકાઓથી પ્રકૃતિમાં ડરામણા ફેરફારો થઇ રહ્યા છે - નદીઓ ઔદ્યોગિક રસાયણોથી ઝેરવાળી થતી જાય છે, અસંખ્ય નદીઓ સુકાતી જાય છે, પર્વતો તોડાતા જાય છે, જંગલો નષ્ટ થતાં જાય છે, અસંખ્ય પ્રાણીઓની પ્રજાતિઓ (species) લુપ્ત થઇ રહી છે... તો, જોનાસ સાલ્કના કહ્યાં મુજબ માણસ જ જો આ પૃથ્વી પર નહીં રહે તો પ્રકૃતિમાં

બીજા બધાંયને એક નવું જીવન મળશે, આખી પૃથ્વી એકદમ આબાદ થઇ જશે, જે બર્બાદ થઇ રહી છે એ આબાદ થઇ જશે.

આવા વિચારો સાથે હું એક દિવસ વિચારતો હતો કે પરમાત્માએ મનુષ્યને આ પૃથ્વી ઉપર શા માટે મોકલ્યો છે? અને એ પણ એને સૌથી (બીજી બધી પ્રજાતિઓથી) શ્રેષ્ઠ, જે દુનિયામાં કશું પણ કરવા માટે સમર્થ છે, બધી રીતે સ્વતંત્ર પણ છે (જે બીજી કોઇ પ્રજાતિ કરવા નથી સમર્થ કે નથી સ્વતંત્ર કેમ કે પરમાત્માએ એમને જે શક્તિ, જે ક્ષમતા, જે યોગ્યતા આપી છે એમાં એ કોઇ જ ફેરફાર નથી કરી શકતાં); અને આજે જોઇએ છીએ તો આ જ મનુષ્ય તો પૃથ્વીને જ બર્બાદ, નષ્ટ કરવામાં લાગી ગયો છે!!

તો, મને પ્રશ્ન થયો કે મનુષ્યનો સાચો role શું અને ક્યાં છે? વિચાર કરતાં મને લાગ્યું કે પૃથ્વીનું જે ભૌતિક અસ્તિત્વ છે, પ્રકૃતિ જે છે એમાં કદાચ મનુષ્યનો role ઓછો હોય તો ચાલશે, પરંતુ મનુષ્ય એક કામ કરી શકે છે, અને તે એ કે એ પોતાની અંદરની ચેતનાને explore કરી શકે છે, દૈવી તત્વને, દેવત્વને explore કરી શકે છે અને એ દેવત્વને આખી સૃષ્ટિમાં પણ explore કરી શકે છે, આ કાર્ય બીજું કોઇ નથી કરી શકતું.

મનુષ્ય દરેક પદાર્થોમાં, પોતાની અંદર, સૂક્ષ્મ શરીરમાં પણ જે-જે શક્તિઓ છુપાયેલી છે, તે બધી શક્તિઓને સૂક્ષ્મ ભાવથી ઉદ્‌ઘાટિત કરી શકે છે. દા.ત. આંખ વગર જોઇ શકાય, કાન વગર સાંભળી શકાય એવું બધું પણ કરી શકે. થોડા વર્ષો કે દાયકાઓ પહેલાં લોકોને આવું બધું કપોળકલ્પિત કે ચમત્કાર જેવું લાગતું હતું, પણ હવે તો તમને ખ્યાલ હશે કે એવી ઘણી સંસ્થાઓ છે જે ૪-૫ દિવસના sessionsમાં જ બાળકોને આંખે પાટા બાંધીને વાંચતા કરી દે છે, અઠવાડીયું તો બહુ થઇ ગયું!

મનુષ્યની અંદર આવી તો કેટલી, અનંત ક્ષમતાઓ છે એ બધી સૂક્ષ્મ ભાવથી, સુક્ષ્મ શરીરથી વ્યક્ત થઇ શકે. એ પોતાની સુષુપ્ત ચેતનાને explore કરી શકે છે, અને ચેતનામાં તો અગણિત infinite શક્યતાઓ છે એને પોતાની અંદર explore કરી શકે છે.

મનુષ્ય ધારે તો પ્રકૃતિમાં રહેલી શક્તિઓ છે એને explore કરી શકે છે, શોધ કરી ઉદ્‌ઘાટિત કરી શકે છે, બહાર લાવી શકે છે; કોઇ એક જાણીતું ફૂલ હોય, એની અંદરના પદાર્થ (physical) જે હશે તે, એની સૂક્ષ્મ શક્તિ હશે તે, એના ગુણધર્મો હશે તે બધાંને explore કરી શકાય; ઉપરાંત, ફૂલ માત્ર એકલું નથી હોતું, ફૂલની અંદર પણ ભાવો હોય છે તે explore કરી શકાય, કેમ કે એ તો સૂક્ષ્મ ભાવો છે જે કોઇ ઉપકરણ દ્વારા કે કોઇ microscopeમાં કે બીજા કશામાં નથી આવી કે પકડાઇ શકતા; કોઇ chemical analysisમાં પણ નથી મળતા, તે explore કરી શકે છે.

હું કોઇ એક ફૂલને સ્પર્શીને છોડી દઉં છું, એ માત્ર સ્પર્શ જ છે, તે છતાં મારો બધો ભાવ એ ફૂલની અંદર ક્ષણભરમાં જતો હોય છે; જેમ કે કુતરું છે, એની ઘ્રાણશક્તિથી મારું કપડું માત્ર સુંઘીને એ મારા સુધી આવી જાય છે, કેમ કે મારી જે કોઇ સૂક્ષ્મ વિશેષતા હોય એ મારા કપડાંમાં રહી હોય છે. એવી જ રીતે જો હું ફુલને માત્ર સ્પર્શ જ કરું છું ત્યારે પણ એ જ વિશેષતા ફૂલમાં જતી હોય છે, તે explore કરી શકાય છે.

પાણીમાં પણ સૂક્ષ્મ ભાવો છુપાયેલા હોય છે, અને આપણા દેશમાં તો એવા પ્રયોગો થયા છે કે પાણીને અમુક ખાસ મંત્રની શક્તિથી એમાં પૂરીને, અભિમંત્રિત કરીને ચિકિત્સાના કાર્યોમાં ઉપયોગમાં લેવાતું હતું; એનાથી ફાયદો કરી શકાય; અને બીજા અમુક મંત્રોની શક્તિને પાણીમાં ભેળવીને નુક્શાન પણ કરી શકો. તો, આવી સૂક્ષ્મ જે શક્તિઓ છે એને explore કરી શકાય; ચૈતન્યને explore કરી શકાય, બહાર લાવી શકાય.

આપણે ત્યાં નદીઓને પવિત્ર ગણી છે, એને મા-ના રૂપમાં જોઇ છે. આજે લાખો લોકો ગુજરાતની નર્મદા નદીની પરિક્રમા કરે છે; કેટ-કેટલાં કષ્ટો વેઠીને એ ૧,૮૦૦-૨,૭૦૦ કિ.મી.ની લાંબી પરિક્રમા કરે છે, અને કોઇ અનુભૂતિ વગર આવું નથી કરી રહ્યાં; હજારો લોકોને એ નદીમાં મા-ના સ્વરૂપના દર્શન મળ્યા હશે, કોઇને કાંઇ અનુભવ થયા હોય, કોઇને બીજા અનુભવ થયા હોય... એટલે જ હજારો વર્ષોથી, કોઇ પણ વિશેષ આધાર કે સુવિધા વગર નર્મદા

નદીની પરિક્રમા ચાલે છે, જો આવી યાત્રામાં દિવ્યતા ના હોય તો એ ૫-૧૦ વર્ષોમાં બંધ થઇ જાય.

આપણે પવિત્ર નદીઓમાંના ચૈતન્યને explore કર્યું છે, પર્વતોમાં, વૃક્ષોમાં explore કર્યું છે, પ્રાણીઓમાં explore કર્યું છે, દરેક જગ્યાએ જ્યાં-જ્યાં મનુષ્યની નજર જાય, ત્યાં-ત્યાં એ પરમ શક્તિને આ સંસ્કૃતિમાં explore કરાઇ છે. હજારો લોકોને પોતાને પાવન કરાવનારા અનુભવોને લીધે આજે પણ ભાવિક જનો તીર્થોમાં જઇને રહે છે; પર્વતોમાં પણ ચૈતન્યને explore કર્યું છે, તેથી લોકો હિમાલયમાં જઇને રહે છે.

માણસના અસ્તિત્વની વિશેષતા એ છે કે એ પોતાની અંદર અને પ્રકૃતિમાંની દરેક વસ્તુઓમાં પણ રહેલા ચૈતન્યની દિવ્યતાને explore કરી શકે છે. એટલે, આપણા ઋષિઓએ કહ્યું છે કે આહાર, નિંદ્રા, ભય અને મૈથુન આ ચાર કાર્યોમાં પ્રાણી અને માણસમાં કોઇ ફેર નથી, કેમ કે આ ચારેય વાતો તો દરેક જીવના instinct, એની સહજ, સ્વાભાવિક વૃત્તિઓ છે. વિચાર કરો, તમારે કોઇને ખાવા માટે ઉપદેશ આપવો પડે? કે ભાઇ, તમે ભોજન કરો...? કોઇને ઉંઘવા માટે ઉપદેશ આપવો પડે? પોતાના સંરક્ષણ માટે ઉપદેશ આપવો પડે? અરે, એક-કોષી જીવ અમીબા (amoeba) છે તો એ પણ જો ક્યાંય જોખમ, ભય કે સંકટનો અનુભવ કરશે તો પોતાનો જીવ બચાવવા ત્યાંથી દૂર જતું રહે છે, અને સંતતિ વધારવા માટે પણ કોઇને ઉપદેશ આપવો નથી પડતો.

જો મનુષ્યનું જીવન આટલા ચાર કામો પૂરતું જ હોય તો એના અસ્તિત્વનો કોઇ વિશેષ અર્થ જ ના રહે, એના અસ્તિત્વની કોઇ વિશેષતા જ નથી; હું જો માત્ર રોટી, કપડાં, મકાન માટેના જ વિચાર કરું છું પછી ભલે એ જુદી-જુદી રીતે હોય, તો પણ કાર્ય તો એક સરખું જ છે, તો એમાં ફેર શું પડે છે? જો મને ભૂખ લાગે અને મારે ખાવું જ છે તો હું ફળ-ફળાદિ ખાઈ લઉં, કે એને પ્રોસેસ કરીને ખાઉં વાત તો એક જ છે, આહારની; મારે જો ઉંઘવું છે, સૂઇ જવું છે, તો હું ચટાઇ પાથરીને એના ઉપર સુઇ જઉં કે ડનલપની ગાદી પર સૂઇ જઉં, કે કશું પાથર્યા વગર પણ સૂઇ જઉં, વાત તો એ જ કે મારે સૂવું છે, ઉંઘવું છે.

આ પૃથ્વી ઉપર માણસ આવીને સંસ્કારિત થઇ મનુષ્ય બને અને પોતાની અંદરની ચેતનાને, પ્રકૃતિમાં રહેલી ચેતનાને explore નથી કરતો તો એના અસ્તિત્વનો કોઇ મતલબ જ નથી રહેતો. મનુષ્ય આ પૃથ્વી ઉપર આવીને યથા-યોગ્ય પ્રયત્નો કરીને એની ચેતનાને શોધી બહાર લાવી શકે છે, અને આવી વાતો આ દેશમાં થઇ છે, આજે પણ થાય છે.

માણસના અને પ્રકૃતિના વિકાસને લગતું એવું કોઇ પણ અંગ નહીં હશે કે જેમાં આ સંસ્કૃતિએ શોધ ના કરી હોય. શોધ, exploration તો એક મુદ્દાની વાત છે, આજનું વિજ્ઞાન પણ ઘણી બધી શોધો કરે છે, ઘણી વસ્તુઓને explore કરે છે, પરંતુ એ જડ વસ્તુઓને explore કરે છે, એ વિજ્ઞાન જડને explore કરવામાં જીવનની પૂર્ણતા સમજે છે; જ્યારે આપણી સંસ્કૃતિમાં શોધ થઇ છે ચેતનાની, ચૈતન્યને explore કરવામાં આપણે જીવનની સાર્થકતા સમજીએ છીએ, કેમ કે એ શોધ દ્વારા ઋષિઓને સમજાયું હતું કે ચૈતન્યમાં જ પરમ સુખ, પરમ આનંદ છે, એમાં જ પરમ શાંતિ છે અને ત્યાં જ સઘળા પ્રશ્નોનું નિરાકરણ પણ છે. આ જ કારણ માટે આપણી સંસ્કૃતિ ચૈતન્યને સૌથી પ્રધાન માને છે, ચૈતન્ય મુખ્ય છે. આ વાતને થોડું સમજજો.

મનુષ્યના જીવનમાં ચૈતન્યની મહત્તાની વાતને સમજજો, કે માણસ હોય અને એનો બંગલો, ધન, પૈસા, ગાડી, રાચ-રચીલું, મુલ્યવાન કપડાં, બીજું જે બધું હોય એ એક બાજુ મુકી દો, અને સામે માણસ હોય, તો એ બેમાં સૌથી મુલ્યવાન શું? ધન-વૈભવની વસ્તુઓ કે માણસ? ગાડી કે માણસ? પૈસા કે માણસ? બંગલો કે માણસ? એક સરળ પ્રશ્ન છે કે વસ્તુઓ માણસ માટે છે કે માણસ વસ્તુઓ માટે? બંગલો માણસ માટે છે કે માણસ બંગલા માટે? ગાડી માણસ માટે, કે માણસ ગાડી માટે? પૈસા માણસ માટે છે કે માણસ પૈસા માટે છે? તો, સરળ પ્રશ્નનો સરળ ઉત્તર છે કે દરેક-દરેક વસ્તુઓ છે એ માણસ માટે હોવી જોઈએ.

વાત તો સાચી કે વસ્તુઓ છે એ માણસ માટે હોવી જોઈએ, પરંતુ વિજ્ઞાન-આધારિત જે પાશ્ચાત્ય સંસ્કૃતિ છે એ ભૌતિકતાને ખૂબ

પ્રાધાન્ય આપે છે, એને જ પ્રધાન માને છે, કમ્ફર્ટ-સગવડતાઓ-એશો-આરામ, લક્ઝરીને મુખ્ય માનીને જ ચાલે છે, તેથી માણસના જીવનમાં, સમાજમાં બધું ઉલટું થઇ ગયું - હવે, માણસ પૈસા માટે જીવતો થઇ ગયો; મકાન કે ગાડી લેવા છે તો એણે લોન લેવી જ પડે, પછી એ લોન ભરપાઇ કરવામાં જ એનું આખું જીવન જતું રહે, લોનની ચિંતા કરતો-કરતો એ મરે.

વિજ્ઞાન-આધારિત પાશ્ચાત્ય સંસ્કૃતિમાં એ વ્યક્તિની સાખ (credit) વધુ હોય કે જેણે બેંક પાસેથી વધુમાં વધુ પૈસા લીધા હોય; જે મોટો દેવાદાર હોય; જો માણસ બેંકનો રૂ-૫-૨૫ લાખનો દેવાદાર ના હોય તો આજના સમાજમાં એની કોઇ ક્રેડિટ નથી; તો, દેવાદારની ક્રેડિટ છે.

જ્યારે, આપણી સંસ્કૃતિમાં તો સૌથી વધુ ક્રેડીટ એની છે જેણે ચેતનાને explore કરી છે, અને આપણી સંસ્કૃતિમાં આ વાત મુદ્દાની વાત છે. આપણે ત્યાં માણસ ગમે તેટલો મોટો હોય, ધનપતિ હોય, અને સામે નાની ઉંમરનો સંન્યાસી હોય, જેણે ચેતના માટે એનું ઘર છોડ્યું હોય, પરમાત્મા માટે ઘર છોડ્યું હોય એની credit વધારે, એને મોટો માણસ પણ પગે લાગે છે.

ચેતનાને કેંદ્રમાં રાખી આપણે જો શરીરની વાત કરીએ તો એમાં અગત્યનું શું છે - હાથ, પગ, આંખ, કાન, ઇંદ્રિયો કે ચૈતન્ય? શું અગત્યનું છે? કોઇ કારણસર જો મારા હાથમાં ગેંગ્રિન થયું હોય, હાથ કાપવો પડશે, એવું ડૉક્ટર કહે, અથવા પગમાં એવી પરિસ્થિતિ આવી પડે કે કાપવો પડે અને એવું કરવાથી જો મારું જીવન - હું - બચી જતો હોઉં તો તમે ડોક્ટરને કહો છો, 'હા, સાહેબ! હાથ કાપી નાંખો'; કે પછી અતિ-આવશ્યક હોય તો આંખ કાઢી નાંખો, પગ કાપી 'દો...' હું બચતો હોઉં તો. એટલે, શું અગત્યનું છે? સૌથી વધારે અગત્યનું છે ચૈતન્ય, શરીરમાં રહેલી ચેતના અગત્યની છે.

એટલે, કહેવાય છે કે 'जान है तो जहान है', ચેતના છે તો બધું છે, ચેતના નથી તો કશું જ નથી. गतवतिवायौ देहापाये भार्या बिभ्यति तस्मिन् काये, ઘરમાં પતિ-પત્ની સાથે હોય તો બંને એક-બીજાના

આધારે પોતાને સુરક્ષિત અનુભવે છે, અને જો દિકરીના સાસરીમાં વડીલો વિરોધ કરતાં હોય પરંતુ જો એનો પતિ એની સાથે હોય તો ચાલે, સાસુ-સસરા ગમે તેવા હોય, પતિ સરખો હોય એ અગત્યનું છે, પત્ની બધું ચલાવી લે છે. પરંતુ, આ જ પતિમાં જ્યારે જીવ ના હોય, અને પત્ની જીવતી હોય, અને એને કહો કે 'આજે તમારા મૃત પતિના શરીરની સાથે એકજ રૂમમાં રહો,' તો ત્યાં એ જ પત્ની હવે પોતાને સુરક્ષિત નથી અનુભવતી, એને બીક લાગે છે; વ્યક્તિના શરીરમાંની ચેતના જતી રહ્યા પછી એજ શરીરથી, એ વ્યક્તિની હયાતીમાં જે સુરક્ષિતતા અનુભવાતી હતી એ હવે નથી અનુભવાતી, હવે બીક લાગે છે. તો, ચૈતન્યને હિસાબે પતિના શરીરમાં જ્યાં સુધી પ્રાણ હતાં, ચૈતન્ય હતું, જીવન હતું એને જ આધારે પત્ની પોતાને સુરક્ષિત અનુભવતી હતી.

ભાષ્યકાર કહે છે કે જ્યારે પતિના શરીરમાંથી પ્રાણ જતા રહે, એમાં ચેતના નથી હોતી ત્યારે પછી પત્ની પણ એ જ પતિની મૃત કાયાથી બીવે છે; એ જ પત્ની પછી કહેશે કે 'ના, ના હવે નહીં, એને હવે લઇ જાઓ, એને સળગાવો, જે કરવું હોય એ કરો'.

તો, શરીરની દૃષ્ટિએ વિચારીએ કે ઘર મારે માટે છે કે હું ઘર માટે છું? એવી જ રીતે વિચાર કરો કે મારું શરીર, આંખ, કાન, હાથ-પગ, હૃદય બધું જે છે એ ચેતના માટે હોવું જોઇએ, કે ચેતના શરીર અને એના અંગો, એના વ્યવહાર માટે, કે મારે માટે હોવી જોઇએ? એનાથી પણ થોડો ઉંડો વિચાર કરીએ કે આપણે, આ બધું (શરીર, બંગલા-ગાડી વિગેરે) ભગવાન માટે હોવું જોઇએ, કે ભગવાન આપણા માટે હોવા જોઇએ?

વાસ્તવમાં જોઇએ તો આપણું શરીર, એનો વ્યવહાર, શરીરનું અસ્તિત્વ ચેતનાને explore કરવા માટે છે; આપણી સંસ્કૃતિએ આપણને શીખવાડ્યું છે કે ભઇ, આ જીવન ચેતનાને explore કરવા માટે છે, અંદર રહેલા દિવ્ય ચૈતન્યને ખોળી, ઉદ્‌ઘાટિત કરવા માટે છે; નહીં કે માત્ર સારું-સારું ખાવા માટે, અને જ્યારે પણ સારું-સારું ખાઇએ છીએ તો એ પણ પરમાત્મા માટે જ છે.

ખાવાની વાત નીકળી એટલે યાદ આવ્યું કે વાનગીઓની વિવિધતા જેટલી ભારતમાં શોધાઇ (વિકાસ થયો કહી શકીએ) અને ખવાઈ પણ છે, એવી અને એટલી વાનગીઓનો વિકાસ દુનિયામાં બીજે ક્યાંય નથી થયો. ખાવાના વ્યંજનોમાં ભલે વૈવિધ્ય હોય, પરંતુ એ ખાતાં-ખાતાં જે આનંદ મળે છે એ આનંદ પણ ચેતનાને ઉદ્‌ઘાટિત કરવા માટે છે; આ માટે મારે નિરાંતે બેસવું પડે, અને જો હું નિરાંતે (ધ્યાનમાં) બેસી શકું તો જ વધારે સારી રીતે અંદર ઉતરી શકીશ; પરંતુ જો હું અશાંત, દુઃખી મન લઇને બેસું તો હું અંદર ચેતનાની શોધ નહીં કરી શકીશ.

ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે 'प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ' (૨:૬૫).' એટલે, હું સારું-સારું ખાઉં છું, સુખ માણું છું તો એ બધું પરમાત્મા માટે કરું છું. પરમાત્માએ આપણને શીખવાડ્યું છે કે, 'જીવન એ જ ભક્તિ છે', અને તેથી આપણે જે પણ કરીએ એ ભગવાનને પહેલાં અર્પણ કરીને કરવાનું, અને એમાંથી જે બચે છે એ પ્રસાદ તરીકે લેવાનું; નવા કપડાં, નવું કમ્પ્યુટર વિગેરે લાવ્યા હોય તો પહેલાં ભગવાનને અર્પણ કરીએ છીએ, ભગવાનને ચઢાવીને પછી વાપરીએ છીએ. આપણા વ્યવસાય માટે જે પણ વસ્તુ, યંત્રો, વાપરતા હોય એની પૂજા અમુક પવિત્ર દિવસે ખાસ કરીએ છીએ - કોઇ પેન-પેંસિલ વાપરતું હોય, કોઇ સંચો વાપરતા હોય, કોઇ ઘડિયાળ વાપરતું હોય, કોઇ નવું હથિયાર લાવે તો પહેલાં એનું પૂજન કરે પછી એ વાપરવાનું.

આવા રીત-રિવાજો જોઇને વિદેશીઓને બહુ નવાઇ લાગે કે આપણે નવું કમ્પ્યુટર લાવ્યા હોય તો પહેલાં એની પણ પૂજા કરીએ છીએ, પછી એને ખોલીએ; નવા યંત્રો હોય, તો પહેલા એનું પૂજન કરીએ, પછી ચલાવીએ. આવી બધી ધાર્મિક ક્રિયાઓ આપણે કેટલાય સૈકાઓથી કરતા આવ્યા છીએ, કેમ કે આવી દરેકે-દરેક વસ્તુઓની અંદર જે સૂક્ષ્મ શક્તિ છે, જે સૂક્ષ્મ ભાવો છે એને ધ્યાનમાં રાખીને આ સંસ્કૃતિનો વિકાસ થયો છે. તો, આવી રીતે પૂજા દ્વારા વસ્તુઓની અંદર જે શક્તિઓ છે એને explore કરવી છે.

આ મૂળ, બેઝિક તત્વ જે અંદર છે એને થોડું સમજીને ચાલીશું તો આગળ વ્યવસ્થાઓ વિશે જે વાતો થશે એ સમજવામાં ઉપયોગી થશે. આપણી જે બધી વ્યવસ્થાઓ ઊભી થઇ છે એ બધી જ વ્યવસ્થાઓ ચેતનાને explore કરવા માટે અથવા તો ચેતનાને ધ્યાનમાં રાખીને થઈ છે - આને સમજજો, કે હું માત્ર શરીરને જ જાણું છું, સમજું છુ, પણ જો હું મનને નથી સમજતો, ભાવોને નથી સમજતો, મનમાં થતાં ફેરફારોની અસર શરીર ઉપર પણ થાય છે એ નથી જાણતો તો હું મારી જાતને પૂરેપૂરો ન્યાય આપી શકીશ?

પાશ્ચાત્ય વિજ્ઞાનની આ જ મુશ્કેલી છે કે એ આવી સૂક્ષ્મ વાતોને નથી સ્વીકારતું. દા.ત. કોઇ બીમારી છે એને વિજ્ઞાન માત્ર મોલેક્યુલર ફિનોમિના તરીકે જ જુએ-સમજે છે, પરંતુ બીમારી તો અંદર મન દ્વારા પણ થતી હોય, સંચાલિત થતી હોય છે, અને મનમાં જે થઈ રહ્યું છે એનું મૂળ કારણ તો અવિદ્યા હોય, ચેતના હોય. એટલે, આપણું સમગ્ર અસ્તિત્વ જે છે એ કમ્પ્યુટર જેવું છે - આ શરીર માત્ર બહારથી દેખાય એ hardware જ નથી, એને કાર્યરત રાખવા માટે એની અંદર software છે, electricity છે, બીજું ઘણું છે જેવું કમ્પ્યુટરમાં હોય છે. આ શરીરમાં મન છે, ઇંદ્રિયો છે પ્રાણ છે, ચેતના છે... અને આ બધું મળીને આપણું અસ્તિત્વ હોય છે.

આપણી સંસ્કૃતિમાં આવી દરેક બાબતોનું સમગ્રતાથી ચિંતન થયું છે, જે બીજે ક્યાંય નથી થયું; પશ્ચિમમાં નથી થયું તેથી ત્યાંનું વિજ્ઞાન અધૂરું રહ્યું છે, એ પહેલી વાત. બીજી વાત એ કે હું આ સૃષ્ટિમાં એકલો નથી, હું આખી વિશાળ, સમગ્ર સૃષ્ટિનો એક ભાગ છું એ આ સંસ્કૃતિએ શીખવાડ્યું છે.

હું થોડા દિવસો પહેલા જ વિચારતો હતો કે આપણા શરીરમાં કેટલા બધા બેક્ટેરિયા હશે, અબજો હશે, એ બેક્ટેરિયા આપણા શરીરનો જ ભાગ છે, અલગ નથી. વળી, એવા કોષો, cells છે જે પોતાની રીતે individually કામ કરતા હોય; સફેદ કોષો (white blood cells) છે એ individually કામ કરતા હોય.

તમે કલ્પના કરો કે એ કોષોની જગ્યાએ આપણે છીએ અને જો આંતરડામાં રહેતા હોઇએ તો ત્યાં આપણને કેવી feelings થતી હશે? કે ત્યાં મોટા-મોટા પર્વતો હોય, ખીણ પણ હોય, ત્યાં રહીને એની વસ્તી ઊભી કરી હશે, કોલોનીય બનાવી હશે... એમ જ હશે? માની લો, એ બેક્ટેરિયાએ ત્યાં કોલોની બનાવી હશે, એ વસ્તી ત્યાં (આંતરડામાંના) કોતરોમાં, પર્વતોમાં, ગુફાઓમાં છે; એ ખાવા-પીવા માટે આજુ-બાજુ નીકળતાં હશે, ત્યાં એના રસ્તામાં અંતરાયો આવે, નદી આવે એમાં એ તણાઇ જતાં હોય, લોહીના વહેણમાં આવી જાય તો એમાં તણાઇ જતા હોય; બીજા, જે કોલોનીમાં રહ્યા હોય એ આને શોધતા હોય, કે એ ક્યાં ગયો? પણ એ તો તણાતા-તણાતા બીજે જ ક્યાંક પહોંચી ગયો હોય.

કલ્પના કરો... એ બેક્ટેરિયા નવી જગ્યાએ પહોંચી ગયો હોય, ત્યાં એ માંડ-માંડ settle થશે, અને પછી ત્યાં વસ્તિ વધારશે, રહેવા માટે નવી કોલોની ઊભી કરશે એ જ્યાં હશે ત્યાં જ્યારે-ક્યારે ભોજન જતું હશે ત્યારે એ લોકોને કેટલો આનંદ થતો હશે! આપણે સાચે (કલ્પનામાં નહીં) કશું ખાતા હઇશું તો એ ખાવાનું, કોળીયો ત્યાં જાય ત્યારે એ લોકો કેટલો આનંદ કરતા હશે?! એવામાં, ખાતાં-ખાતાં કોળીયાનો અમુક ભાગ ભૂલે-ચૂકે જો આપણી શ્વાસનળીમાં સરકી જાય અને આપણે જોરથી છીંક ખાધી, કે ઉધરસ ખાધી હોય તો કેટલા બધાં બેક્ટેરિયા બહાર ફેંકાય જાય?

હવે કલ્પના કરો, કે આપણે ૫૦-૬૦ જણા સાથે એક રુમમાં છીએ, અને અચાનક ત્યાં વાવાઝોડાની જેમ ખૂબ જોરથી પવન ફુંકાવા લાગે, આપણને આપણા રુમમાંથી જાણે બહાર ફેંકતો હોય એટલો જોરથી પવન આવતો હોય; રુમમાંના બીજા ૫૦-૬૦ લોકો પણ તણાઇ જતા હોય, એ ગભરાઇ ગયા હોય, બધાં કહે, પકડી રાખો, જોરથી પકડી રાખો, એક-બીજાને જાણે ચોંટી પડ્યા હોય! હવે, આપણી છીંકથી કેટલા બેક્ટેરિયા ત્યાંથી ફેંકાઇ બહાર જતા હોય, જે બચી ગયા એ બધાં પછી રડતા હોય કે અમારા સાથીઓ જતા રહ્યાં, બધા રડા-રડ કરતાં હશે? પણ, કોઇ બેક્ટેરિયાને એવો ખ્યાલ આવે કે એ પણ આટલા, મોટા શરીરનો જ ભાગ છે?

બેક્ટેરિયાને એવો વિચાર નહીં આવતો હોય કે એ પણ શરીરનો જ ભાગ છે, શરીરની અંદર જીવી રહ્યો છું...

આખી વિશાળ સૃષ્ટિમાં આપણી સ્થિતિ આવી જ છે; આપણે સૃષ્ટિના જ અંગ છીએ, એનાથી જુદા નથી. આ સૃષ્ટિને એક માનવ શરીર તરીકે વિચારીએ તો સમજાશે કે આપણા શરીરમાં જે કાર્ય આપણા ફેફસાં કરે છે એ જ કામ બહાર સૃષ્ટિમાં વૃક્ષો કરે છે -વૃક્ષો અશુદ્ધ હવા લઇ લે છે, અને શુદ્ધ હવા શરીરને આપે છે. હવે વિચાર કરો કે જો શરીરમાં ફેફસા ના હોય તો શું થાય? એવી જ રીતે જો પ્રકૃતિમાં વૃક્ષો ના હોય તો પ્રકૃતિનું 'શરીર' એના 'ફેફસા' વગરનું હશે.

વાત સમજાય છે? સૃષ્ટિમાં જો વૃક્ષો નહીં હશે તો આપણા ફેફસાં ખલાસ થઇ જાય, અને પછી સૃષ્ટિ રહેશે? જીવ સૃષ્ટિ રહેશે? ના, જીવ સૃષ્ટિ નહીં રહેશે. એટલે, જો સૃષ્ટિને ટકાવવી છે તો એના 'ફેફસાં' વૃક્ષો મજબૂત હોવા જોઇએ, એનો અર્થ કે આપણી જે વન્ય-સૃષ્ટિ છે એ મજબૂત હોવી જોઇએ, વન્ય સૃષ્ટિને મજબૂત રાખવા માટે વાતાવરણ મજબૂત, શુદ્ધ હોવું જોઇએ.

હવે, આપણે જો સૃષ્ટિને એક વિરાટ શરીર તરીકે નથી સમજતા, એમાંની દરેક વસ્તુઓને અલગ-અલગ સમજીએ છીએ; તો આપણે બધા જ સમ્યક રીતે વિચાર નથી કરતા. આજે વિકાસને નામે આપણે કેવી ખરાબ પરિસ્થિતિ કરી દીધી છે - ખાસ કરીને શહેરોમાં તો હવે શ્વાસ લેવા માટે પણ શુદ્ધ હવા નથી રહી; વિકસિત દેશોમાં જ્યાં ખૂબ પ્રદુષણ છે, એટલે ત્યાં હવે ઓક્સિજન-બાર્સ (bars) આવી ગયા છે; એ લોકો ક્યાંક દૂર પર્વતોમાંથી શુદ્ધ હવા લઇ આવે છે, અને એમના બાર્સમાં મોંઘા ભાવે વેચે છે - તમે અમુક નિયત ડોલર આપો તો તમને ત્યાં નિયત સમય માટે થોડી શુદ્ધ હવા મળે એવા સાધનો તમારા નાક પર મૂકી આપે છે, અને તમે ઓક્સિજન-યુક્ત હવા લઇ શકો!!

પીવાના પાણીની વાત કરીએ તો પીવાનું પાણી તો શુદ્ધ હોવું ના જોઇએ? પણ ના, નદીઓના નીર હવે કાંઇ પીવા જેવા રહ્યાં નથી. આપણા શરીરમાં જે કામ રક્ત-વાહીનીઓ (blood-vessels) કરે

છે એ જ કામ પ્રકૃતિમાં નદીઓ કરે છે. એવી જ રીતે જે કામ આપણી ચામડી અને રૂંવાટા કરે છે એ જ કામ સૃષ્ટિમાં ઘાસ કરે છે; તેથી, જમીન પરથી જો ઘાસ કાપી નાંખો છો તો એમાં રહેલી જે જીવ-સૃષ્ટિ છે એ ખલાસ થઇ જશે.

એટલે, આપણા ઋષિઓએ આ આખી સૃષ્ટિને એક વિરાટ પુરુષ તરીકે જાણી છે, જોઈ છે, અને પછી એને અનુરૂપ બધી વ્યવસ્થાઓ ઊભી કરી છે. (આપણા વંદનીય ઋગ્વેદ સંહિતામાંના દશમાં મણ્ડલમાં એક મુખ્ય સૂક્ત, 'પુરુષસૂક્ત' વર્ણવાયું છે, જેમાં પ્રકૃતિની એક વિરાટ પુરુષ તરીકેની કલ્પના કરવામાં આવી છે).

મનુષ્ય-જીવનમાં જે-જે કૃતિઓ છે એ બધી ચૈતન્યને ઉદ્‌ઘાટિત કરવા, explore કરવા માટે છે - ભોજન છે એ ચૈતન્યને ઉદ્‌ઘાટિત કરવા માટે છે, મારું ભોજન માત્ર જીભને ગમે એવું નહીં હોવું જોઇએ કે જે મારી ભક્તિમાં સહાયક, ઉપયોગી થાય,. સંગીત છે એ આપણા ચૈતન્યને explore કરવા માટે હોય. એટલે, આપણે ત્યાં જે બધી જીવન પદ્ધતિ, રીત-રિવાજો, સમાજ વ્યવસ્થાઓ ઊભી થઈ હતી એ બધી ચૈતન્યને કેન્દ્રમાં રાખીને ઊભી થઇ છે.

પાશ્ચાત્ય વિજ્ઞાનની વ્યવસ્થાઓ બધી ભૌતિકતાને કેંદ્રમાં રાખીને ઊભી કરવામાં આવી છે; પરિણામે, શું થયું કે દિવ્યતાની પૂર્ણ શક્યતાવાળો જે મનુષ્ય હતો એ ધીમે-ધીમે ભૌતિકતા પાછળ દોડતો વામણો માણસ બની ગયો, એ પોતાના અને બીજા માટે પૈસા કમાવા માટેનું એક સાધન (tool) માત્ર થઇ ગયો છે. લોભામણી, આકર્ષક પાશ્ચાત્ય વ્યવસ્થાએ આપણને, સામાન્ય માણસને એ લોકોની અર્થ-વ્યવસ્થા (economy) સબળી બનાવવા માટેનું સાધન બનાવી દીધા છે, અને એ માટે રૂપાળું નામ પણ આપી દીધું - હ્યુમન રિસોર્સ!! માણસ હવે માત્ર એક સંસાધન છે, દેશ-વિદેશોમાં ભૌતિક સંપત્તિ વધારવા માટેનું સાધન!! બીજા બધા જે પ્રાકૃતિક સંસાધનો (resources) છે, એમ માણસ પણ એક પ્રકારનો સંસાધન જ છે!

તો, મહત્ત્વનો પ્રશ્ન એ છે કે કોણે કોનું resource, સંસાધાન હોવું જોઇએ? ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિઓ વચ્ચે આ એક મૂળભૂત અંતર અને તફાવત છે. આ તફાવતને જો વિચારીને,

સમજીને ચાલીશું તો આપણે ત્યાંની જે બીજી બધી વ્યવસ્થાઓ છે એ આપણને વધારે સારી રીતે સમજાશે, નહીં તો આપણી વ્યવસ્થા સમજાય એમ નથી કે શિક્ષણ વ્યવસ્થા કેવી હતી, પરિવારની વ્યવસ્થા કેવી હતી, ધર્મની વ્યવસ્થા કેવી હતી... એટલે, આ મૂળભૂત મુદ્દાની વાતને આપણે ધ્યાનમાં રાખવી છે.

ॐ तत् सत्

એક ધનવાન વ્યક્તિના ઘરમાં આગ લાગી ગઇ; શેઠજી પોતે નોકરો સાથે દોડી-દોડીને સામાન બહાર કાઢવા લાગ્યા... સામાન બધો બહાર નીકળી ગયો... અને ઘણી વાર પછી ખબર પડી કે શેઠજીનો જ પુત્ર અંદર રહી ગયો છે. દોડા-દોડ, બૂમાબૂમ શરુ થઇ ગઇ, પરંતુ છોકરાને શોધતા સમય લાગી ગયો, જોયું તો છોકરો તો આખા શરીરે દાઝી ગયો હતો.

વસ્તુઓના મોહ અને આકર્ષણમાં મનુષ્ય એટલો બધો આંધળો બની જાય છે કે તે ભૂલી જાય છે કે મૂલ્યવાન શું છે. આ ધનવાન શેઠની જેમ સામાન્ય મનુષ્ય પણ એટલો અંધ બની જઇ ભૂલી જાય છે કે મૂલ્યવાન શું છે. આ શેઠની જેમ સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન નિરર્થક ઉદ્દેશ્યોની પાછળ ભાગવામાં જ ખપાવી દે છે; જ્યારે ભાન થાય છે ત્યારે એને સમજાય છે કે આપણે તો જીવન સુધારવાનું જ ભૂલી ગયા.

પૂ.શ્રીના આગામી કાર્યક્રમો

માર્ચ ૧૦-૧૧	- ઇંદોર
માર્ચ ૧૨-૧૪	- કલકત્તા
માર્ચ ૧૫-૧૮	- મિઝોરમ
માર્ચ ૧૯-૨૦	- ગૌહાટી
માર્ચ ૨૫ થી એપ્રિલ ૩	- એકાંત વાસ
એપ્રિલ ૦૪-૦૭	- મુંબઈ
એપ્રિલ ૧૪-૧૯	- સોલન (હિમાંચલ પ્રદેશ)

ઈશ્વરની શોધ

રામકૃષ્ણ પરમહંસ એક વખત શિષ્યો સાથે નૌકાવિહાર કરવા માટે નીકળ્યા. બધા નૌકામાં બેઠા, નૌકા થોડી આગળ ગઈ, ત્યારે એક શિષ્યએ પ્રશ્ન કર્યો - 'ગુરુજી, ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે જ્યારે-જ્યારે પૃથ્વી ઉપર પાપનો ભાર અસહ્ય થઇ જાય છે ત્યારે-ત્યારે હું એ પાપના નાશ માટે અને ધર્મના ઉત્થાન માટે અવતાર ધારણ કરું છું. આજે પૃથ્વી ઉપર પાપની પરાકાષ્ઠા આવી ગઇ છે તો પણ ભગવાન અવતાર કેમ લેતા નથી? દર્શન કેમ નથી આપતા? મેં ઘણી વખત પ્રયત્નો કર્યા પણ મને ભગવાને દર્શન આપ્યા નહીં. ભગવાન હોય તો દર્શન આપે ને?'

શિષ્યના આ પ્રશ્ન સાંભળીને રામકૃષ્ણ પરમહંસે બીજા શિષ્યોને આજ્ઞા કરી કે પ્રશ્ન પૂછનાર શિષ્યને નદીમાં ફેંકી દો. શિષ્યો પહેલા તો અચકાયા, તેમ છતાં તેમણે ગુરુની આજ્ઞાનું પાલન કર્યું.

નદીનું પાણી ઊંડું હતું, અને એ શિષ્યને તરતા આવડતું ન્હોતું, તેમ છતાં પ્રાણરક્ષા માટે બાથોડિયા મારતો, હાથ-પગ પછાડતો, ગમે તેમ કરી એ શિષ્ય તો છેવટે હોડી નજીક આવી ગયો. ફરી રામકૃષ્ણ પરમહંસે બીજા શિષ્યોને એને હોડીમાં લઇ લેવા આજ્ઞા કરી; શિષ્યોએ એને હોડીમાં ખેંચી લીધો. થાક, ગભરાટ અને ગુસ્સાનો માર્યો એ શિષ્ય હાંફી રહ્યો હતો; થોડી વાર પછી તેનો ગભરાટ ઓછો થયો, ધીરે-ધીરે હાંફવાનું પણ ઓછું થયું, પણ એનો ગુસ્સો તો એવો જ હતો.

રામકૃષ્ણ પરમહંસે હંસીને કહ્યું, 'પુત્ર, ક્રોધ ના કર; હું તો તારા પ્રશ્નનો ઉત્તર આપી રહ્યો હતો. નદીમાં પડ્યા પછી તેં જીવ બચાવવા માટેના કેવા-કેવા પ્રયત્નો કર્યા પછી જ તું બચી શક્યો. ઈશ્વરને મેળવવા માટે આવા જ જીવ-સટોસટના પ્રયત્નો તેં આ પહેલા ક્યારેય કર્યા છે? નહીં ને? તો, ઈશ્વરને મેળવવા માટે પહેલા એવા જીવ-સટોસટના પ્રયત્નો કરો, પછી જ ઈશ્વર છે કે નહીં એ પ્રશ્નનો જાતે નિષ્કર્ષ કાઢો.'

શિષ્યને એના પ્રશ્નનો ઉત્તર મળી ગયો, તેણે ગુરુની ક્ષમા માગી.

આશ્રમના આગામી કાર્યક્રમો

એપ્રિલ

તા. ૪-૦૪-૧૯ - ફાગણ સુદ ચૌદશ, ગુરુવાર - રામચરિતમાનસ પારાયણનો શુભારંભ સવારે ૭.૩૦ કલાકે થશે

તા. ૧૨-૦૪-૧૯ - શુક્રવાર, સવારે ૧૧.૦૦ કલાકે - કન્યાભોજન

તા. ૧૩-૦૪-૧૯ - શનિવાર, સવારે ૧૧.૩૦ વાગ્યે રામચરિતમાનસ પારાયણ પૂર્ણાહૂતિ;
મધ્યાન્હ - ૧૨.૦૦ શ્રી રામજન્મોત્સવ;

નોંધ - જે સાધક ભાઇ-બહેનોએ આ અનુષ્ઠાનમાં ભાગ લેવાની ઇચ્છા હોય તેમણે તા. ૩-૦૪-૧૯ બુધવાર સાંજ સુધીમાં આશ્રમ પર આવી જવું

તા. ૧૯-૦૪-૧૯ - શુક્રવાર, પૂર્ણિમાના દિવસે ભજન-ધુન અને રામચરિતમાનસના સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે; સમય સાંજે ૪.૦૦-૬.૦૦

મે

તા. ૬-૦૫-૧૯ - વૈશાખસુદ બીજ સોમવારે દીપ પ્રાગટ્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે

તા. ૯-૦૫-૧૯ - વૈશાખસુદ પાંચમ (આદ્યગુરુ શ્રીશંકરાચાર્ય જયંતી) ગુરુવારે સવારે અખંડધૂણાની સ્થાપના કરવામાં આવશે

તા. ૧૦-૦૫-૧૯ - વૈશાખસુદ છઠ, શુક્રવારે અન્નપૂર્ણાનું વાસ્તુપૂજન, નવચંડીયજ્ઞ રાખવામાં આવ્યો છે; પૂર્ણાહૂતિ સાંજે ૫.૦૦ વાગ્યે થશે

તા. ૧૫-૧૯, મે - યોગસત્ર પૂર્વાર્ધ

તા. ૧૯-૨૬, મે - યોગસત્ર ઉત્તરાર્ધ

નોંધ - જે સાધકોએ યોગસત્ર પૂર્વાર્ધ કર્યું હશે એ સાધકો જ યોગસત્ર ઉત્તરાર્ધમાં ભાગ લઈ શકશે.